# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-09-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-ભાવનગર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજ્યની મુલાકાતે છે. તેઓ ભાવનગર હવાઈમથકથી જવાહર મેદાન સુધી રોડ શો યોજશે અને ભાવનગરમાં અંદાજે 34 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, જેમાં બંદર વિકાસ, નવીનીકરણીય ઉર્જા અને શહેરી પરિવહનને લગતા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

'સમુદ્રથી સમૃદ્ધિ' અંતર્ગત પ્રધાનમંત્રી મોદી વડોદરાની ગુજરાત રિફાઇનરી ખાતે 5 હજાર 894 કરોડના ખર્ચે નિર્મિત ઇન્ડિયન ઓઇલના એક્રેલિક અને ઓક્સોહોલ પ્રોજેક્ટ અને 4700 કરોડના ખર્ચે છારા બંદર પર નિર્મિત HPLNG LNG રિગેસિફિકેશન ટર્મિનલ અને રાજ્યના ચોથા સોલાર વિલેજ કચ્છના ધોરડોનું પણ લોકાર્પણ કરશે. આ સાથે તેઓ 525 કરોડ રૂપિયાથી વધુના ખર્ચ નિર્માણ થનાર જામનગરની ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલના નવા ભવનનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત કરશે. તેઓ ધોલેરા SIRનું હવાઈ નિરીક્ષણ કરશે ત્યાર બાદ શ્રી મોદી લોથલ પહોંચશે અને રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ- NMHC પરિયોજના અંગે સમીક્ષા બેઠક અને નિરીક્ષણ કરશે.

**-----------------------------------------------------------------------------------**

## કચ્છ-સોલાર વિલેજ-ધોરડો:

કચ્છ જિલ્લાનું ધોરડો રાજ્યનું ચોથું સોલાર વિલેજ બન્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભાવનગર ખાતેથી આ સોલર વિલેજનું લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી સૂર્યઘર મુફ્ત બીજલી યોજના હેઠળ ધોરડો ગામના 100 ટકા રહેણાંક હેતુના વીજજોડાણોનું સોલરાઇઝેશન કરાયું છે.

આ પ્રોજેક્ટ થકી ધોરડોના 81 રહેણાંક ઘરો માટે 177 કિલોવોટની સોલાર રૂફટોપ કેપેસિટી મળશે. આ અંગે ગામના સરપંચ મિંયા હુસેને જણાવ્યું કે, હવે આખા ગામના ઘરોમાં સોલાર રૂફટોપ લાગવાથી લોકોનું બિલ સાવ ઓછું થઇ જશે અને તેનાથી ગામના લોકોને ઘણો ફાયદો થશે.

(બાઇટ : મિંયા હુસેન, સરપંચ)

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ મહેસાણાનું મોઢેરા, ખેડાનું સુખી અને બનાસકાંઠાનું મસાલી ગામ સોલાર વિલેજ તરીકે જાહેર થયા હતા.

---

## કચ્છ-ભુજ નમોત્સવ:

સેવા ભારતી ફાઉન્ડેશન દ્વારા જિલ્લા મથક ભજની આર.આર.લાલન કોલેજના પ્રાંગણ ખાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જીવન યાત્રાને વર્ણવતા મલ્ટિ મીડિયા શો નમોત્સવપં આયોજન કરાયુ હતું. કેન્દ્રીયમંત્રી સી.આર.પાટિલ,ભગવતાચાર્ય ભાઈશ્રી રમેશ ઓઝા સહિતના મહાનુભાવો,કચ્છ જિલ્લાના સ્થાનિક જનપ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

પ્રસિધ્ધ કલાકાર સાંઈરામ દવેની આગેવાનીમાં 150 થી વધુ કલાકારોએ કલાની પ્રસ્તી કરી હતી અને શ્રી મોદીના જીવનના વિવિધ પાસા રજુ કર્યા હતા.

---

## રાજ્ય-PM-"ચલો જીતે હૈ":

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ", ફિલ્મ રાજ્યના દરેક સિનેમાઘરોમાં નિશુલ્ક બતાવવામાં આવી રહી છે.

---

## કચ્છ-દેશલપર-સ્વસ્થ નારી-સશક્ત પરિવાર અભિયાન:

રાજ્યમાં " સ્વસ્થ નારી- સશક્ત પરિવાર " અભિયાન અંતર્ગત, અત્યાર સુધી અંદાજે 20 હજારથી વધુ આરોગ્ય શિબિર યોજાઇ છે.

સ્વસ્થ નારી,સશક્ત પરિવાર" અભિયાન અંતર્ગત કચ્છમાં દેશલપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય શિબિર યોજાઇ હતી.

---

## કચ્છ-ભુજ-સાંસદ સ્વદેશી મેલા:

ભુજ હાટ બજારમાં સાંસદ વિનોદ ચાવડા દ્વારા આયોજિત 'સાંસદ સ્વદેશી મેલા'ને લોકોના ભવ્ય પ્રતિસાદ અને માંગણીને કારણે આવતીકાલ 21 સપ્ટેમ્બર, રવિવાર સુધી લંબાવવામાં આવ્યો છે. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય 'લોકલ ફોર વોકલ' પહેલને પ્રોત્સાહન આપવાનો છે.

---

## ક્રિકેટ-એશિયાકપ-ભારત ઓમાન:

એશિયા કપની મેચમાં ભારતે ઓમાનને 21 રને હરાવી જીત ન પરંપરા જાળવી રાખી છે. દુબઇ ખાતેની મેચમાં ભારતે નિર્ધારિત 20 ઓવરમી 8 વિકેટ ગુમાવી 188 રન કર્યા હતા. જવાબમાં ઓમાનની ટીમ 4 વિકેટ ગુમાવી 167 રન  કરી શકી હતી.

આજે એશિયા કપ સુપર-ફોર રાઉન્ડની પ્રથમ મેચ બાંગલાદેશ અને શ્રીલંકા વચ્ચે રમાશે.

---

## રાજ્ય-હવામાન:

રાજ્યમાં ઉત્તર ગુજરાત અને કચ્છ સિવાયના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી 25 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જેમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છને બાદ કરતા સમગ્ર

રાજ્યમાં હળવો વરસાદ થઈ શકે છે. કચ્છ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં વરસાદની શક્યતા નહિવત છે.દરમ્યાન ડીસા અને કચ્છના કેટલાક ભાગોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યુ હતું.

---